રાષ્ટ્રપતિ ચૂંટણીને લઈ એનડીએ નિર્ણય લેવામાં નિષ્ફળ

નવી દિલ્હી,તા.૧૭

રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને એનડીએ ગઠબંધનની આજે મળેલી મહત્વપૂર્ણ બેઠક કોઈ પણ નિર્ણય લેવામાંનિષ્ફળ રહી હતી. કોઈ પણ નિર્ણય લેવામાં નિષ્ફળતા મળતા રાજકીય ગતિવિધી વધી ગઈ છે. મીટિંગમાં રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને જુદા જુદા મત સ્પષ્ટ પણે સપાટી પર આવ્યા હતા. યૂપીએના ઉમેદવાર પ્રણવ મુખર્જીની સામે ઉમેદવારને મેદાનમાં ઉતારવાને લઈને એનડીએમાં મતભેદ થયાવત છે. મુખ્ય ઘટક પક્ષ શિવસેનાની હાજરી વગર ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ આડવાણીના આવાસ પર આ મીટિંગ યોજાઈ હતી. આ બેઠક બાદ એનડીએના કન્વીનર અને જેડીયૂના નેતા શરજ યાદવે કહ્યુ હતુ કે આજની બેઠકમાં એવો મત વ્યક્ત કરવામા આવ્યો હતો કે આ મામલામાં કોઈ નિર્ણય લેતા પહેલા વધુ વિચારણા કરવાની જરૂર છે. એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે થોડાક સમય બાદ એનડીએની ફરી મીટિંગ મળશે જેમાં નિર્ણય લેવામા આવશે. બે કલાકથી વધુ સમય સુધી ચાલેલી બેઠક બાદ યાદવે કહ્યુ હતુ કે અન્ય પક્ષો સાથે પણ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીને લઈને ચર્ચા કરવામા આવી રહી છે. શરદ યાદવે ઉમેર્યું હતુ કે રાષ્ટ્રપતિ ચૂંટણીના પ્રશ્ન પર વ્યાપક ચર્ચા જરૂરી છે. આના માટે અડવાણીને જવાબદારી સોંપવામા આવી છે તેઓ તમામ સાથે વાતચીત

કરશે. એમ માનવામા આવે છે કે એનડીએના મુખ્યઘટકપક્ષ જનતાદળ યુનાઈટેડનો મત છે કે પ્રણવ મુખર્જીના કદને જોતા તેમની સામે ઉમેદવાર મેદાનમાં ઉતારવાના બદલે તેમને સમર્થન આપવુ જોઈએ. બીજી બાજુ શિવસેનાએ બેઠકમાં હાજરી નહી આપી ત્યારે શિવસેનાએ બેઠકમાં હાજરી નહી આપીને ચિંતા વધારી દીધી છે. શિવસેના પ્રણવ મુખર્જી સામે ઉમેદવારને ઉતારવા ઈચ્છુક નથી તે અંગે પૂછવામા આવતા સંજય રાવતે કહ્યુ હતુ કે બાળ ઠાકરે આ સંબંધમાં નિર્ણય કરશે. શિવસેનાએ ભૂતપૂર્વ નાયબ રાષ્ટ્રપતિ ભૈરવસિંહ શેખાવતને સમર્થન આપવાના બદલે મરાઠી હોવાના પાટિલનુ સમર્થન કર્યું હતુ. ઉપરાષ્ટ્રપતિનૂ ચૂંટણી અંગે કોઈ પૂછવામા આવતા યાદવે કહ્યુ હતુ કે આ પદને લઈને હજુ ચર્ચા થઈ નથી. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને શુક્રવારે પણ એનડીએની બેઠક થઈ હતી પરતુ તેમા સર્વસંમતિ સધાઈ ન હતી. એનડીએમાં ગંભીર પ્રકારના મતભેદો સપાટી પર આવી રહ્યા છે. પીએ સાંગમાને ટેકો આપવાને લઈને પણ વિશ્વાસનો અભાવ દેખાઈ રહ્યો છે. અન્ના દ્રમુખ અને બીજેડી જેવા પક્ષોને રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં આવરી લેવાના ઈરાદા સાથે એનડીએએ કહ્યુ છે કે અન્ય પક્ષો સાથે વાતચીત થશે. શિવસેનાએ હાજરી ન આપતા મતભેદો સપાટી પર દેખાયા હતા. તૃણમુલ કોંગ્રેસ મમતા બેનર્જી કલામના નામ ઉપર મક્કમ છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના નામ ઉપર શિવસેનાએ પસંદગી ઉતારી

નવી દિલ્હી,તા.૧૭

રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને એનડીએમાં ગંભીર પ્રકારના મતભેદો સપાટી પર આવી ગયા છે. શિવસેનાએ જિદી વલણ અપનાવ્યુ છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના નામ ઉપર શિવસેનાએ પસંદગી ઉતારી છે. શિવસેનાએ કહ્યુ છે કે અબ્દુલ કલામ ઉપર પસંદગી થશે નહીતો પક્ષને અન્ય કોઈપણ નામ સ્વીકાર્ય હશે નહી. અગાઉ સવારે શિવસેના એનડીએની બેઠકમાં ઉપસ્થિત ન રહેતા અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. પક્ષના સાંસદ સંજય રાવતે મુંબઈમાં કહ્યુ હતુ કે બેઠકમાં થનાર નિર્ણયની જાણ એનડીએ અમને કરી દેશે. શિવસેના તરફથી બાળ ઠાકરે અંતિમ નિર્ણય લેશે. શિવસેના નામે કોંગ્રેસ ઉમેદવાર પ્રતિભા પાટિલનુ સમર્થન કર્યું હતુ. ઉપરાષ્ટ્રપતિનૂ ચૂંટણી અંગે કોઈ નિર્ણય લેવાયો છે કે કેમ તે અંગે કલામના નામ ઉપર સહમત છે. તેમનુ માનવુ છે કે કલામને છોડીને કોઈપણ વ્યક્તિ રાષ્ટ્રપતિ પદની દાવેદારી માટે યોગ્ય નથી. શિવસેના કલામને બાદ કરતા કોઈપણ નામ ઉપર સહમત નથી. આનો મતલબ એ થયો કે શિવસેના લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ સાંગમાને પણ ટેકો આપશે નહી.

આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા

મુંબઈ,તા.૧૭

આરબીઆઈના ગવર્નર ડી સુબ્બારાવ આવતીકાલે સોમવારે નાણાકીય નિતીની મધ્ય ત્રિમાસીક સમીક્ષા જાહેર કરનાર છે. જેના ઉપર માત્ર શેરબજારની જ નહીં બલકે ઉદ્યોગ જગત, સરકાર અને તમામ વેપારીઓની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. પ્રવર્તમાન સ્થિતિ વચ્ચે આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. અપેક્ષા વધી જતા આરબીઆઈ હવે કેવું વલણ અપનાવે છે તેને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. વ્યાજદર ઘટવાની સ્થિતિમાં તમામ પ્રકારની લોન વધુ સસ્તી થઈ શકે છે. જેથી સામાન્ય લોકોને મોટો ફાયદો થશે. બીજી બાજૂ બેંકોને પણ ફાયદો થશે. ઓટો ઉદ્યોગ અને રિટેલ ક્ષેત્રને પણ ફાયદો થઈ શકે છે. જેથી તમામ લોકોની નજર આરબીઆઈના પગલા ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. નાણામંત્રી પ્રણવ મુખર્જી પણ સંકેત આપી ચુક્યા છે કે આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. સુબ્બારાવ આવતીકાલે નાણાકીય નિતીની ત્રિમાસીક સમીક્ષામાં ચાવીરૂપ ટૂંકાગાળાના વિરાણ દર અથવા તો રેપોરેટમાં ૨૫થી ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે અને આને ઘટાડીને ૭.૩૫ ટકા કરી શકે છે. પોલિસી રેટ અથવા તો રેપોરેટ હાલ ૮ ટકા છે. આવી જ રીતે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં પણ ૧ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવી શકે છે. આ વર્ષે હજુ સુધી આરબીઆઈએ સીઆરઆરમાં ૧૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. જ્યારે રેપોરેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. ફુગાવો હજુ પણ ચિંતાજનક બનેલો છે. આવી સ્થિતિમાં આરબીઆઈ પાસે વિકલ્પો ખૂબ ઓછા છે. મે મહિનામાં નિકાસમાં પણ ઘટાડો થયો છે. બીજી બાજુ ડોલર સામે રૂપિયામાં ઉથલ પાથલ જોવા મળી રહી છે. મુખ્ય આર્થિક સલાહકાર અમિત બસુ અને આયોજન પંચના નાયકવડા મોન્ટેકસિંહ આહલુવાલિયા વિકાસલક્ષી પગલા લેવા અપીલ કરી ચુક્યા છે. યુરો ઝોનમાં પ્રવર્તિ રહેલી કટોકટી પણ મહત્વપૂર્ણ છે. મોટાભાગની સંસ્થાઓ પણ રેટમાં કાપ મુકવાની વાત કરી ચુકી છે અને રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો રાખવાની અપેક્ષા રાખી રહી છે. મોર્ગન સ્ટેન્ડલી અને બારકલેને અપેક્ષા છે કે આરબીઆઈ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. બીજી બાજૂ એચએસબીસીનો મત છે કે આરબીઆઈ ચોક્કસપણે આંકડામાં સુધારો કરી શકે છે. ક્રેર ડબલ્યુપીઆઈ ફુગાવો સ્થિર રહ્યો છે. જીડીપી વિકાસનો દર ઘટ્યો છે. આરબીઆઈ-ની નિતીમાં મોનસુનની ભુમિકા પણ મહત્વપૂર્ણ રહે છે. એસબીઆઈના ચેરમેન પ્રતિપ ચૌધરી તમામથી આગળ વધીને એવી આશા વ્યક્ત કરી ચુક્યા છે કે સીઆરઆરમાં ૧૦૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો થઈ શકે છે. આરબીઆઈ સામે કેટલાક પરિબળો ચિંતાજનક છે જેમાં વર્તમાન ખાતાકીય ખાદ વર્ષ ૨૦૧૨માં ૪ ટકાથી વધુ રહેશે. મુશ્કેલ સંજોગોમાં માર્ચ ૨૦૧૦થી શરૂઆતથી લઈને આરબીઆઈએ ૨૦ મહિના સુધી રેટમાં વધારાનો દોર જારી રાખ્યો હતો. જેથી ૩૭૫ પોઈન્ટનો બેઝિક વધારો થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સોમવારના દિવસની તેની મધ્ય ત્રિમાસિક નાણાકીય નિતી સમીક્ષા ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. પ્રવર્તમાન પ્રવાહી સ્થિતિ વચ્ચે આરબીઆઈ કેવા પગલા લે શે તેને લઈને માત્ર શેરબજારમાં નહી બલ્કે ઉદ્યોગ જગતમાં પણ ચર્ચાઈ છે. મોટાભાગના લોકોનો મત છે કે રિઝર્વ બેંક તેની નાણાકીય નિતી સમીક્ષામાં પોલીસી રેટમાં ૨૫-૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. એક અંગ્રેજી અખબાર દ્વારા કરવામાં આવેલ પોલમાં મોટાભાગના લોકોએ એવી આશા વ્યક્ત કરી છે કે આરબીઆઈ પોલીસી રેટમાં ૨૫-૫૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. એક્રિલ મહિનામાં આરબીઆઈએ પોલીસી રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી તમામને ચોંકાવી દીધા હતા.૫૬ ટકા લોકોનું કહેવું છે કે સીઆરઆરમાં કોઈ ફેરફાર કર્યા વગર આરબીઆઈ પોલીસરેટમાં ઘટાડો કરશે. ૩૨ ટકા લોકોનો મત છે કે પોલીસી રેટમાં અને સીઆરઆરમાં કાપ મુકવામાં આવશે. ૭૨ ટકા લોકો સ્પષ્ટપણે માને છે કે આરબીઆઈ પોલીસી રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરશે. આરબીઆઈ આવતીકાલે બપોરે નાણાકીય નિતીની મધ્ય સત્ર સમીક્ષા જારી કરશે. ત્યારબાદ શેરબજાર અને ઉદ્યોગ જગતમાં કેવી પ્રતિક્રિયા આવે છે તેના ઉપર તમામની નજર રહેશે. વ્યાજદર ઘટવાની સ્થિતિમાં ઓટોના શેરમાં જોરદાર તેજી આવવાની શક્યતા દેખાઈ રહી છે.

મુંબઈમાં બે લોકલ ટ્રેનો ટકરાઈ જતા ૧૨ને ઇજા

મુંબઈ,તા.૧૭

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં આજે બે લોકલ ટ્રેન ટકરાઈ જતા ઓછામાં ઓછા ૧૨ લોકો ઘાયલ થયા હતા જે પૈકી ત્રણ યાત્રી ગંભીર રીતે ઘાયલ થયા હતા. શનિવારે મોડી રાત્રે આ બનાવ બન્યા બાદ ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ બનાવ બન્યા બાદ કેટલાક લોકો ઉઉકેરાઈ ગયા હતા. અંધેરી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પૈકીના એક નજીક ચર્ચગેટ-બોરીવલ્લી અને વિરાર-ચર્ચગેટ ટ્રેન અથડાઈ ગઈ હતી. આ બનાવ બન્યા બાદ રેલ સેવા ખોરવાઈ ગઈ હતી. બનાવના કારણો સેકડો યાત્રીઓ અને ટ્રેનમાં દરરોજ મુસાફરી કરતા લોકો અટવાઈ પડ્યા હતા. સિગ્નલ અથવા તો ટ્રેક ફેલિયોરના કારણે આ દુર્ઘટના

સર્જાઈ હતી. બનાવ બન્યા બાદ લોકો ઉઉકેરાઈ ગયા હતા અને લોકોએ રેલવે પોપર્ટી ઉપર તોડફોડ કરી હતી. જેથી તરત જ સુરક્ષાદળોએ બાજી સંભાળી લીધી હતી અને ટ્રેનમાંથી લોકોને દૂર કર્યા હતા. સાથે સાથે પ્લેટફોર્મની તમામ લોકોને ખસેડી લેવામાં આવ્યા હતા. આ બનાવમાં રેલવેએ કોઈને ઈજા થઈ હોવાની વાત કરી નથી. અંધેરી અને જોગેશ્વરી વચ્ચે રાત્રે ૧૧.૨૦ વાગે આ દુર્ઘટના થઈ હતી. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સિગ્નલ ખરાબ હોવાના કારણે બંને ટ્રેન એક જ ટ્રેક ઉપર આવી ગઈ હતી. બનાવ બાદ બંને ટ્રેનોના ડ્રાઈવર ફરાર થઈ ગયા હતા. બનાવમાં ઉંડી તપાસ હાથ ધરીને ડ્રાઈવરોની શોધખોળ હાથ ધરાઈ છે.

નક્સલવાદીગ્રસ્ત રાજ્યોને હેલિકોપ્ટર લેવાની બહાલી

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે નક્સલવાદ વિરોધી ઓપરેશ માટે તેમના ઉપયોગ હેતુ ખાનગી કંપનીઓ પાસેથી હેલિકોપ્ટર મેળવી લેવા માઓવાદી ગ્રસ્ત રાજ્યોને મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. જ્યા સુધી આઇ એમઆઈ-૧૭ વી-૫ હેલિકોપ્ટરો મેળવવામાં આવશે નહીં ત્યા સુધી માઓવાદી ગ્રસ્ત રાજ્યોને ખાનગી કંપનીઓ પાસેથી પોતાની રીતે હેલિકોપ્ટર લેવા મંજૂરી આપી દેવામા આવી છે. ગૃહમંત્રાલયના અધિકારઓ કહ્યુ છે કે કેન્દ્ર સરકાર હેલિકોપ્ટર મેળવવામાં રાજ્ય સરકારને થનાર તમામ ખર્ચ ઉપાડશે. હેલિકોપ્ટરો પ્રાથમિક રીતે લોકોને ખસેડવા, સુરક્ષાદળોની તાકીદે ગોઠવણી કરવા, દવાઓ અને અન્ય પૂરવઠો પહોંચાડવા માટે ઉપયોગી બનશે. રવિન્દ્ર ઋષિની માલિકીની વેક્ટ્રા ગ્રુપની કંપની ગ્લોબલ વેક્ટ્રા હેલિકોપ્ટર પાસેથી ડઝન જેટલા હેલિકોપ્ટરો મેળવવાની યોજના અટવાઈ પડી છે. કારણ કે ઉડ્ડયન રેગ્યુલેટર ડીજીસીએ દ્વારા તેની ઓપરેટીંગ પરવાનગી મોકૂફ કરી દીધી છે. રવિન્દ્ર ઋષિ સંરક્ષણ દળોને ટાટ્રા ટ્રકના પૂરવઠામાં ગેરરીતિના મામલામાં સીબીઆઈ દ્વારા તપાસનો સામનો કરી રહ્યા છે. ગૃહમંત્રાલય હેલિકોપ્ટરો લેવા બદલ નક્સલવાદીગ્રસ્ત રાજ્યો પૈકી દરેક રાજ્યને વાર્ષિક ૧૫ કરોડ રૂપિયા આપશે. મંત્રાલયના અધિકારીઓ માને છે કે આ ફંડ પૈકીની મોટાભાગની રકમ રાજ્ય જુદી જુદી રીતે ઉપયોગ કરશે. રાજ્ય સરકારને દર મહિને ત્રીસ કલાક હેલિકોપ્ટર ફલાઈંગની તક મળશે.

લાંચ પ્રકરણમાં બીઈએમએલ સામે સંકજો વધુ મજબૂત થશે

નવી દિલ્હી,તા.૧૭

બીઈએમએલ મારફતે ડિફેન્સ સપ્લાયમાં લાંચના આક્ષેપોના મામલામાં તપાસ આગામી દિવસોમાં વધુ ઝડપી બને તેવી શક્યતા દેખાઈ રહી છે. આમા તપાસ વધુ તીવ્ર બનાવાનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. સસ્પેન્ડ કરવામા આવેલા સીએમડી વીનારએસ નટાજન સામે સંકજો વધુ મજબૂત બનાવવામા આવનાર છે. વિશ્વસનીય સૂત્રોએ કહ્યુ છે કે સરકારે બેંગ્લોર સ્થિતિ પૂએસયૂ માટે નવા ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર શોધી કાઢવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. વિવાદાસ્પદ અને સસ્પેન્ડ કરવામા આવેલા નટરાજનની જગ્યાએ નવા ચેરમેન શોધી કાઢવાની કવાયત હાથ ધરવામા આવી છે. નટરાજન છેલ્લા નવ વર્ષથી તમામ બાબતો સંભાળી રહ્યા હતા. સૂત્રોએ કહ્યુ છે કે નટરાજનને ગયા સપ્તાહમાં સસ્પેન્ડ કરી દેવામા આવ્યા હતા. ટાટ્રા ટ્રક સોદાબાજીમાં લાંચના આક્ષેપોમાં તપાસ સહિત ઘણા કેસોમાં તપાસ કરનાર સીબીઆઈએ નક્કર તારણો આપ્યા બાદ નટરાજનને સસ્પેન્ડ કરી દેવાયા હતા. બીજી બાજૂ સરકારે પણ કહી દીધુ છે કે આ સોદાબાજીમાં સંડોવાયેલા કોઈપણ લોકો સામે કઠોર પગલા લેવામા આવશે. કંપનીના ડિરેકટરો, અધિકારીઓ, ઈનસાઈડરો, આઉટ સાઈડરો અને સેનાના જવાનોમાં પણ ખળભળાટ મચી ગયો છે. સૂત્રોએ કહ્યા છે કે તપાસ ટાટ્રા સોદાબાજીમાં લાંચ અંગે ચાલી રહી નથી. સેનાના ભૂતપૂર્વ વડા જનરલ વીકે સિંહે અગાઉ આક્ષેપ કર્યો હતો કે સેના માટે ૬૦૦ ટાટ્રા ટ્રક ખેળવવા માટે સમજૂતીને મંજૂરી આપવા એક નિવૃત અધિકારી તરફથી ૧૪ કરોડની લાંચની ઓફર કરવામા આવી હતી. સેનાના વડાના આ ગંભીર આક્ષેપ બાદ સંરક્ષણ મંત્રી એકે એન્ટોનીએ આરોપોમાં તપાસ કરવા સીબીઆઈ તપાસનો આદેશ કર્યો હતો. નટરાજનની ભૂમિકામાં પણ તપાસ હાથ ધરાઈ હતી.

કાશ્મીર : ગ્રેનેડ હુમલામાં ત્રણ જવાનોને થયેલી ઇજા

શ્રીનગર,તા.૧૭

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં સોપોરે શહેરમાં આતંકવાદીઓદ્વારા ઝીંકવામા આવેલા એક ગ્રેનેડના સીઆરપીએફના ત્રણ જવાનો ઘાયલ થયા છે. આ બનાવમાં ઘાયલ થયેલા જવાનો પૈકી બેની હાલત ગંભીર જણાવવામા આવી છે. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે શ્રીનગરથી આશરે ૫૨ કિલોમીટરના અંતરે સ્થિત સોપોરે શહેરમાં ૧૭૯મી બટાલિયન સીઆરપીએફની ચોકી પર આતંકવાદીઓ ગ્રેનેડ ઝીંક્યો હતો જેના લીધે સીઆરપીએફના જવાનોને ઈજા થઈ હતી. ઘાયલ થયેલા જવાનોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હુમલામા સામેલ આતંકવાદીઓને પકડી પાડવા માટે વિશેષ ઓપરેશન હાથ ધરવામા આવ્યુ છે. ગ્રેનેડ હુમલા માટેની જવાબદારી કોઈપણ આતંકવાદી સંગઠને સ્વીકારી નથી.

ટોચના દસ સંપત્તિ માર્કેટમાં ભારત છઠ્ઠા સ્થાને પહોંચશે

નવી દિલ્હી,તા.૧૭

તાજેતરમાં જારી કરવામા આવેલા નવા અહેવાલમાં દાવો કરવામા આવ્યો છે કે ભારત આ વર્ષે ટોચના દસ સૌથી ધનાઢ્ય માર્કેટમાં છઠ્ઠા સ્થાને પહોંચી જશે. ડેટા મોનીટરના ૨૦૧૨ના ગ્લોબલ વેલ્થ માર્કેટ રિપોર્ટમાં દાવો કરવામા આવ્યો છે કે યુરોના ભાવીને લઈને અનિશ્ચિતતા અને યુરોપમાં કટોકટી વણસી રહી છે જેથી નવી નવી સમસ્યાઓ ઉભી થઈ રહી છે. પરંતુ ઘણા ઉભરી રહેલા માર્કેટ ઝડપથી આગળ વધી રહ્યા છે. ભારત ટોચના દસ સૌથી અમીર માર્કેટમાં સ્થાન મેળવી લેશે. ડેટા મોનીટરના આંકડામા જણાવવામા આવ્યુ છે કે સંપત્તિ બજારોમાં હાલ અનિશ્ચિતતાનુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. ઉભરતા અર્થતંત્રો આવનાર સમયમાં પશ્ચિમી યુરોપિયન અર્થતંત્રોને પાછળ છોડીદેશે. અમેરિકા, જાપાન, ચીન, બ્રિટન, જર્મની, ઈટાલી, કેનેડા, ફ્રાન્સ, બ્રાઝિલ અને ભારત વર્ષ ૨૦૧૧નાં અંતે ડોલર મિલિયોનેરની દ્રષ્ટિ ટોચના દસ માર્કેટ હતા. વધુમાં બ્રાઝિલ, ચીન અને ભારતમાં મિલિયોનેર દ્વારા જાળવી રાખવામા આવેલ લિક્વિડીટીની સંપત્તિની સંયુક્ત મૂડી વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૫ વચ્ચે ૧.૫ ટ્રિલીયન ડોલરથી વધીને ૪.૬ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી જશે. ભારત અતિ ઝડપથી સૌથી અમીર બજારોમાં એન્ટ્રી કરી રહ્યુ છે વર્ષ ૨૦૧૧માં સ્પેન ટોચના દસ ધનાઢ્ય માર્કેટમાથી બહાર થઈ ગયુ હતુ. તેના નબળા દેખાવના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. પશ્ચિમ યુરોપમાં સૌથી વધુ બેરોજગારીનો દર અને નિરાશાજનક જુદા જુદા ક્ષેત્રોના દેખાવના લીધે સ્પેનની હાલત કફોડી થયેલી છે. સ્પેન ઉપરાંત યુરોપના અન્ય દેશો ગ્રીસ અને અન્ય ઘણા દેશોની હાલત પણ નાણાકીય રીતે કફોડી બનેલી છે.

ઈન્ડોનેશિયન ઓપનની ટ્રોફી સાઈનાએ ત્રીજી વખત પોતાના નામે કરી

જાકર્તા,તા. ૧૭

જાકર્તામાં રમાયેલી પ્રતિષ્ઠિત ઈન્ડોનેશિયન ઓપન ટેનિસની કાઈનલમાં ભારતીય બેડમિન્ટન ખેલાડી સાઈનાએ નહેવાલે ચીનની શેરૂઈ લીને હાર આપીને ત્રીજી વખત અહીં ટ્રોફી પોતાના નામે કરી લીધી છે. બરોબરી પર ચાલી રહેલા આ મુકાબલામાં જોરદાર વાપસી કરીને સાઈનાએ ચીનની ત્રીજી કમાકિત ખેલાડી શેરૂઈ લીને ૧૩-૨૧, ૨૨-૨૦ અને ૨૧-૧૯થી હાર આપી હતી. આ અગાઉના સાઈના અને શેરૂઈ વચ્ચેની મેચોના આંકડા પર નજર કરવામાં આવે તો શેરૂઈનો દેખાવ વધારે સારો રહ્યો છે. સાઈનાની સામે શેરૂઈએ પાંચ પૈકીની ચાર મેચો જીતી છે. જ્યારે સાઈનાએ હજુ સુધી માત્ર એક મેચ જ પોતાના નામે કરી શકી હતી. મેચમાં બંન્ને તરફથી જોરદાર



સ્મેશ ફટકારવામાં આવ્યા હતા. સાઈના કોઈ પણ રીતે આજે મેચમાં દબાણ હેઠળ રહી ન હતી. છેલ્લા બે સપ્તાહમાં સાઈનાની આ બીજી જીત હતી. આ પહેલા સાઈનાએ થાઈલેન્ડ ઓપનમાં જીત મેળવી હતી. જીત બાદ સાઈનાએ કહ્યુંહતું કે મેચ ખુબ મુશ્કેલ હતી. પરંતુ અહીંના વાતાવરણ તરફથી તેને ખુબ પ્રેમ મળ્યો છે. અહીંના કોર્ટમાં આવતાની સાથે જ તેને ચેમ્પિયન જેવો અનુભવ થાય છે. સાઈનાએ કહ્યું હતું કે ઈન્ડોનેશિયા તેની પત્નીની છોડી બીજી છોકરીના પ્રેમમાં પડેલ દેવા માટે કલંક રૂપ હતું. પરંતુ સંધ્યાના પ્રેમમાં પડીને પરણોત્તર પત્ની અમુની જાંદણી બરબાદ કરવા તૈયાર થઈ પોતે ભાનભૂલી જઈ પરણોત્તર પત્નીનું શું થશે! તેનો કાંઈ વિચાર કર્યા વિના કામાંધ બની ભાન ભૂલ્યો હતો.

સંધ્યાના વધુ પડતાં અનડાપણાથી એના મા-બાપની ચિંતા વધતી જતી હતી. સંધ્યા કોઈની સાથે વાતચિંત પણ કરવી નહિ. આથી તેના મમ્મી તેને કહેતા. સંધ્યા તું તદ્દન બદલાઈ ગઈ છે. તારા વર્તનમાં, રીતભાતમાં પરિવર્તન આવી ગયું છે.

'ના, મમ્મી, એવું કાંઈ નથી હું તો મારા ઈન્ટરવ્યુની તૈયારીમાં વ્યસ્ત છું. વીલા મોઢે સંધ્યાએ કહ્યું.'

રાત્રિના બધાં સૂતા હતાં, સંધ્યાના મમ્મીએ જોયું તો સંધ્યાની રૂમની લાઈટ ચાલુ હતી. ધીમા પગલો ભરતા તે સંધ્યાના રૂમમાં ગયા તો સંધ્યા ટેબલ પર માથું ટેકવી ઊંઘતી હતી. તેના હાથમાં દેવાનો ફોટો હતો. આથી સંધ્યાના મમ્મી ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયાને રૂમમાંથી બહાર નીકળી ગયા અને પતિ પાસે જઈ કહ્યું 'સંધ્યાના બાપુ, સંધ્યાના મનમાં શું છે તે કાંઈ ખબર પડતી નથી. હમણાંથી તે ખોવાયેલી રહી તદન ઉદાસ ચહેરે રહે છે.'

'એવું નથી, પણ સગપણની વાત ચાલે એટલે તે શરમાઈ જાય ને!'

'ના, એવું નથી આપણે ખોટા ભ્રમમાં છીએ હું અત્યારે સંધ્યાના રૂમમાં ગઈ તો તણી ટેબલ પર માથું ટેકવી ઊંઘતી હતી અને તેના હાથમાં દેવાનો ફોટો હતો!' સંધ્યાના મમ્મી એ કહ્યું.

પત્નીની વાત સાંભળતા જમનાદાસ આશ્ચર્યચકિત થઈ ગયાને પૂછ્યું. 'શું સંધ્યા હાથમાં દેવાનો ફોટો હતો!'

'હા', સંધ્યાના મમ્મીએ કહ્યું.

આથી સંધ્યાના લગ્ન માટે પતિ-પત્ની બંને સામે દેવો તરવરવા લાગ્યો. (ક્રમશઃ)

પરણોત્તરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

સગા- સંબંધીઓમાં પિતાજીની આબરૂ ઘૂળમાં મળી જશે તો! આજ સુધી સમાજમાં ઉંચું માથું રાખી સ્વમાનથી કરતાં માતા- પિતાને નીચે જોવાનું થશે તો! સમાજમાં કજીયો થશે તો! આવા વિચારો આવતાં સંધ્યા ઢીલી થઈ ગઈ ને તેના ચહેરો ફિક્કો પડી ગયો.

સંધ્યાના મા-બાપને એકની એક દીકરીની ચિંતા થવા લાગી. ઉંમર થવા છતાં સંધ્યા લગ્ન કરવા માટે કેમ તૈયાર થતી નથી તે માટે શંકાકુશંકા દુઃખી થવા લાગ્યા.

સંધ્યા દેવાને મળવા માટે ઉપડી ગઈ બંને શહેરની હોટલમાં ગયા. જમવાનું મંગાવી જમતાં જમતાં સંધ્યાએ કહ્યું, 'દેવા, મારા માતા- પિતાએ મારા માટે છોકરો જોવાનું શરૂ કરી દીધું છે, આપણે હવે લગ્ન કરી લેવા કે શું કરવું એ વિશે તું વિચાર કો ખરો?'

'સંધ્યા, હું પણ એ જ વિચારું છુ કે આપણે શું કરવું ! દેવો મનોમન વિચારતો કે મારા લગ્ન થઈ ગયા છે તેની જાણ સંધ્યાને અને તેના મા-બાપને જાણ થશે તો! વળી, સંધ્યા અને હું ખુબ જ આગળ વધી ગયી છીએ એનું શું કરવું?'

'દેવા, તું શું વિચારે છે? તું ચૂપ કેમ થઈ ગયો છે તને તો ખબર છે કે હવે વધારે લગ્ન વિના રહેવું યોગ્ય નથી! કારણ મારા સગપણ માટે હવે મારા મા-બાપે માત્ર છોકરાની પસંદગી માટે હા પાડવાની જ બાકી છે.'

'સંધ્યા, તું જાણે છે કે આપણે બંને પ્રેમમાં સંપૂર્ણ રંગાઈ ગયા છીએ.'

'દેવા આપણે રંગાઈ ગયા છીએ જરૂર પરંતુ બહારની આલીંગનથી આ શરીરનો સ્પર્શ કર્યો છે આપણે આપણી મર્યાદાનું ઉલંઘન કર્યુ નથી. આપણે માત્ર આળપંપાળ જ કરી છે. આપણા મા-બાપને કલંક લાગે એવું કોઈ પગલું ભર્યું નથી. આપણે દેહ સ્પર્શના આનંદ સિવાય આગળ વધ્યા નથી. આથી આપણે મા-બાપની આબરૂ જળવાઈ રહી છે.' સંધ્યાએ કહ્યું,

દેવાની પણ સાપે છછુંદર ગળ્યા જેવી સ્થિતી થઈ ગઈ હતી. પરણોત્તર

ફિલિપાઈન્સમાં ૬.૧ તીવ્રતાના પ્રચંડ ભુકંપથી ભારે ભાગદોડ

હોંગકોંગ,તા.૧૭

ફિલિપાઈન્સના લુજોન દ્વીપમાં આજે સવારે પ્રચંડ ભુકંપનો આંચકો અનુભવાયો હતો. ભુકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૬.૧ આંકવામાં આવી હતી. અમેરિકાના ભુગર્ભ સર્વેક્ષણ વિભાગે માહિતી આપતા કહ્યુ હતું કે સ્થાનિક સમય મુજબ આજે સવારે ૬.૧૯ વાગે આ આંચકો આવ્યો હતો. ભારતીય સમય મુજબ આજે વહેલી પરોઢે ૩.૪૯ વાગે આ આંચકો આવ્યો હતો. પાટનગર મનિલાથી ૧૮૧ કિલોમીટર ઉત્તર પશ્ચિમે અને બાગુઈઓ શહેરથી ૧૪૩ કિલોમીટર દક્ષિણ પશ્ચિમમાં ભુકંપનું કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું

છે. ભુકંપનો આંચકો અનુભવાયા બાદ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. ભુકંપનો આંચકો આવ્યો ત્યારે કેટલાક લોકો ઉંઘ માણી રહ્યા હતા. જો કે ભુકંપના આંચકાની જાણ થતા જ લોકો પોતપોતાના ઘરની બહાર દોડી આવ્યા હતા. લોકોમાં વ્યાપક દહેશત પણ ફેલાઈ ગઈ હતી. અત્રે ઉલ્લેખ